સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

કોણ, ક્યાંથી ખોળી કાઢે છે મેળા! માથે ખોળાય છે,
રોજ એના એ, હું, ફૂઇને રતનીયો જ જોડાય છે!
ઘોળાય છે અંદર અંધારું બહાર લાખોની રોશની
ખીચડીને મળતું નથી 'ઘી' નકામું ઢોળાય છે!!
(મારાં સિપઇડાં, મારી સલામી સરકારી ઉજવણી)

હાઈકુ

ચાલે છે સ્પર્ધા,
ગેસ-તેલ-પેટ્રોલે -
ભાવ-વધારો!

ઉખડે નહીં!
ચૉંટી ગ્યા છે સજ્જડ -
ચિટકુંમ્બર..

ચિંતન

સંભ્રમઃ સ્નેહમાખ્યાતિ વપુરાખ્યાતિ ભોજનમ્ ।
વિનયો વંશમાખ્યાતિ દેશમાખ્યાતિ ભાષિતમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ: 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે અર્થ : એક બીજાને જોતાં જ, મળતાં જ થતો પ્રિય ભાવ, સ્નેહની ઉત્કંટતાનું પ્રમાણ દર્શાવે છે, માણસનું શરીર તેના ખોરાકનું પ્રમાણ દર્શાવે છે, માણસની બોલચાલ, વિનય-વર્તન તેના વંશનું પ્રમાણ આપી દે છે અને માણસની બોલી-ભાષા તેના દેશનું પ્રમાણ આપે છે :

હૃદયની થતો શુધ્ધ સ્નેહને વાસના સ્પર્શી શકતી નથી. આજની પેઢી અને આજના વાતાવરણમાં ફિલ્મી સંસ્કારમાં - આવો વિશુધ્ધ પ્રેમ સંભવિત પણ નથી. સાચો સ્નેહ હોય તેને મોટે છે વયનો બોલી એ અભિવ્યક્ત કરવાની જરૂર પણ પડતી નથી. આંખનો ભાવ માત્ર બધું જ કહી દે છે. આમાં ભેટ-સોગાદ કે ગુલાબની પણ જરૂર પડતી નથી.

શરીરના કદ પરથી માણસની પોતાના ખોરાકની મર્યાદા કે અમર્યાદાની જાહેરાત થઇ જાય છે. અન્ન પર પોતાની મર્યાદા અને મન પર, જીભ-સ્વાદ પર પોતાનો કાબૂ હોવો જોઇએ.

પારિવારિક સંસ્કાર, કુળ-ધર્મ-જાતિ અને અભ્યાસ દ્વારા માનવીના વિનય-વર્તનનો આધાર રહે છે. સંસ્કાર અને રીતભાત પણ માનવીની ભાષા-વાણી વિવેકથી જાહેર થઇ જાય છે.

સુવિચાર

- જેણે એક વખત વિશ્વાસઘાત કર્યો હોય, તેનો કોઈ પણ વિશ્વાસ ન કરવો - શેક્સપિયર
- હિંમત એટલે વિજય, અને ડરપોકપણું એટલે પરાજય - ચરીકું
- આનંદી અને હકારાત્મક વિચાર માણસને સુખ આપે છે - સ્વેટ માર્ડન
- નમ્રતા એ તમામ સારા ગુણોનો પાયો છે - કન્ફ્યુશિયસ
- નશીબ હંમેશા મહેનતને જ મદદ કરે છે - ગોલ્ડ સ્મિથ
- દરેક પોતાના નશીબનો નિર્માતા છે - સોલસ્ટ
- લગ્ન અને મૈત્રી, સમાન સ્તરના લોકો સાથે જ સફળ થાય છે - ચાણક્ય

બોધકથા

આપણને સારી રીતે વિરોધ વ્યક્ત કરતાં પણ નથી આવડતો, દાળ-શાકમાં મીઠું ન હોય કે વધારે હોય ત્યારે વાટકા પછાડવા કરતાં શાંતિથી ખાઇ લેવામાં જ 'વિરોધ' વ્યક્ત થઇ જાય છે, કોમવાદી કટ્ટરતા એકબીજાનો જીવ લેવાથી ક્ષમતી નથી. એમાં 'ક્ષમા' ની ભાવના અને પ્રેમની આપ-લે જરૂરી છે. ઇરણા-હડતાળ-ભાંગફોડથી આપણા દેશનું જ નૂકશાન છે, કાળી પટ્ટી સાથે દેશનું વધારે કામ કરીને પણ વિરોધ વ્યક્ત થઇ શકે!

સ્વાતંત્ર્યની રાળવળ વખતે પંડિત લોકમાન્ય ટિલક - ઇંગ્લેન્ડના મહારાણી એ ભારતને જે અન્યાય કર્યા એના વિશે બોલતા હતા એવામાં એમનો એક અનુયાયી આ વ્યાખ્યાનથી ખૂબ ઉશ્કેરાઇ ગયો અને દિવાલ પર ચૉંટેલું વિશાળ કદનું મહારાણી વિકટોરીયાનું સુંદર કાગળ પર છવાયેલું પોસ્ટર હતું એને ઉખેડી, ફાડીને ફેંકી દીધું..

સભામાંથી કેટલાકે તેને તાળીઓ પાડી વધાવી લીધો. આ જોઇ તિલક બોલી ઊઠ્યા :

'અરે ભાઇ! આ બિચારા જડ કાગળે તારું શું બગાડ્યું હતું કે તેં એને ફાડી નાખ્યો?! જો રાણી વિકટોરિયાના અપરાધ અને અન્યાય માટે તને ખરેખર દુઃખ લાગ્યું હોય તો આવો નપુંસક વિરોધ કરવાને બદલે એવી પ્રતિજ્ઞા લે કે - 'માતા ભારતીને હાથે પડેલી બેડીઓ અને જુલ્મી અંગ્રેજોનું શાસન ખતમ કરવા માટે હું જીવનભર જંગે ચઢીશ.'

આજે આપણી મ્યુનિસિપાલીટી, યુનિવર્સિટી, બસોમાં નાની નાની વાતે વિરોધ કરી ભાંગફોડ કરીએ છીએ. આપણને વિરોધ વ્યક્ત કરતાં પણ નથી આવડતો.

ગુજરાતનો અવાજ બુલંદ બનાવીએ

તંત્રી સ્થાનેથી...

આજે ગુજરાત ગૌરવ ગાનનો દિન, ગુજરાતનો સ્થાપના દિવસ, આજથી બાવન વર્ષ પૂર્વે લોક સંત પૂજ્ય રવિશંકર મહારાજના મંગલ આશીર્વાદથી ગુજરાતનો વિધિવત્ શુભારંભ થયો હતો. ગુજરાત એક અલગ ઓળખ ધરાવતો પ્રદેશ છે. સંસ્કાર અને સંસ્કૃતિ જેની કણેકણમાં સમાયેલા છે એવું ગુજરાત વિકાસના નીત સોપાનો સર કરે છે. ગાંધી અને સરદારની આ જન્મભૂમિ છે. નરસિંહ અને નર્મદની આ ભૂમિ છે. સંતો અને મહંતોની આ ભૂમિ છે. અહીંની પ્રજા શાણી છે. વેપારી સમજણ અને દૂરંદેશી દૃષ્ટિ છે. વિકાસ ગુજરાતનો સ્વભાવ છે. પાંચ દાયકામાં ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ અને કૃષિક્ષેત્રનો વિકાસ આંખે ઊડીને વળગે એવો છે. નર્મદા યોજનાથી ગુજરાતની પીવાના પાણીની અને સિંચાઈની સમસ્યા સહેજેય રહી નથી. ગુજરાતના માર્ગો ગુજરાતના વિકાસમાં ચાવીરૂપ સ્થાન ધરાવે છે. આમ સાર્વત્રિક વિકાસ ગુજરાતની શોભા બની ગયા છે.

સમગ્ર દેશના પરિપ્રેક્ષમાં ગુજરાત કદાચ નાનકડું રાજ્ય હશે. લોકસભાની બેઠકોની દૃષ્ટિએ, રાજકીય સમીકરણોમાં ગુજરાતની ગણના ઓછી થાય છે. રાજકીય ક્ષેત્રે કોઈ ને કોઈ કારણોસર ગુજરાતનો અવાજ ઓછો સંભળાય છે. મોરારજીભાઈ, એચ.એમ. પટેલ જેવા ધરખમ રાજકીય અગ્રણીઓએ ભારત સરકારમાં પ્રધાનમંત્રી અને નાણાં મંત્રી તરીકે પ્રશંસનીય કામગીરી અદા કરી છે. જેનો ઈતિહાસ સાક્ષી છે. ગુજરાતમાં જન્મેલ ગાંધી અને સરદાર દેશની આઝાદીની ચળવળમાં નેતૃત્વ સંભાળ્યું હતું. ગુજરાતની શક્તિથી તમામ રાજકીય પક્ષો અવગત છે. આજે પણ એહમદ પટેલ અને નરેન્દ્ર મોદીની ભૂમિકા દેશના રાજકારણમાં મહત્ત્વની છે. એ વાત સૌ સ્વીકારે છે. આમ છતાં ગુજરાતને જે રાજકીય લાભ મળવો જોઈએ તે મળતો નથી. રાજકીય વિવાદમાં કેન્દ્રીય સહાયનું પ્રમાણ પણ ચર્ચાસ્પદ રહે છે. મહારાષ્ટ્ર અને તેલંગણમાંથી પાઠ શીખવા જેવો છે.

ગુજરાતના વિકાસ માટે રાજકીય પક્ષોના આગેવાનોએ મતભેદો ભૂલી જઈ એક બનવું જોઈએ, નેક બનવું જોઈએ. ગુજરાતના વેપારીઓ, ઉદ્યોગપતિઓ, કૃષિકારો, કથાકારો અને સાહિત્યકારો સમાજને સંસ્કારથી નવપલ્લવિત કરી રહ્યા છે. ઉજ્જવળ આવતીકાલ માટે સમગ્ર ગુજરાતનું સમાજ જીવન વિકાસ અને કલ્યાણના માર્ગે સતત સક્રિય છે, અને એનું સૌને ગૌરવ છે.

જય જય ગરવી ગુજરાત...

ગુજરાત ગૌરવ કાવ્ય સેતુ

ગરવી છે ગુજરાત ધરા, ગરવાં નર ને નાર,
સાગર કાંઠે સ્હેલતી, છલતી અપરંપાર,
પાટણને કર્ણાવિટી, ને અંતે અંદાવાદ,
ગાંધીની નગરી હવે, દેતી સૌને સાદ,

- હરિકૃષ્ણ પાઠક

વેદકાળથી નિરંતર, જ્ઞાન ભક્તિની ધારા,
દશે દિશાએ રક્ષે દેવો, નર નારી અહીં ન્યારા,
તું સોમનાથનું બિલીપત્ર, તું દ્વારકેશનું ચંદન,
અભિનંદન ગુજરાત... તને અભિનંદન...

- ભાગ્યેશ જહા

જ્યાં ખુલ્લી આંખે જોયેલા પણ સમણાં સાચા ઠરતાં,
ગૌરવ સાથે સહુ ગુજરાતી, ઉન્નત મસ્તક ફરતા,
થાતો એની યશ કલગીમાં, નિત-નિત પિચ્છ વધારો,
સત્ય અહિંસા, કરૂણા સાથે, રાખે શુધ્ધ વિચારો,
એ ગુર્જર દેશ અમારો...

- કિશોર જીકાદરા

જ્યાં લગ નજરૂં નાખો ત્યાં લગ લીલપ લાગે ઠરતી,
મલક એના માયાળુને, પ્રજા પ્રજામાં ભળતી,
પ્રગતિ કેરા સોપાન, લઇને નાવ સુનેરી સરતી,
ગરબે ઘુમતી ગુજરાતણને જોઇને નજરૂં ઠરતી,
આ ગુજરાતની ધરતી...

- ફિલિપ કલાર્ક

ગુર્જર અસ્મિતાની ઓળખ, પ્રેમ શૌર્ય, અને સંસ્કાર
પ્રકૃતિને સંસ્કૃતિનો સંગમ છે, સદાકાળ ગુજરાત...

- નટવર હેડાઉ

ઘણું જીવો ગુજરાતી, તું રહો સદા મદમાતી,
ત્રિલોકમાં ને નવે ખંડ, તુ જ ફોરમ રહો છવાતી.

- ડો. કેશુભાઇ દેસાઇ

કૃષ્ણ પાંડવે પાવન કરી, ધરા ગુર્જર મોરી,
નદી નાદમાં ખળખળ ઝરતી, અમૃત, ઝારી,
જન-જ્યોત, ગુંજે ગિરા ગુર્જરી.

- કિશોરસિંહ સોલંકી

અનુપમ અને અનેરી સ્વર્ગીય ધરા છે ગુર્જર,
મધુરી અને સુનહરી સ્વર્ણિમ ધરા છે ગુર્જર

- ભરત કવિ 'ઉર્મિલ'

સંકટને પણ અવસર માને છે, ખમીરવંતી નીતિ,
જગમાં જેનો જોટો નહીં, એ મહા જાતિ ગુજરાતી.

- ભાનુપ્રસાદ પુરાણી

શબ્દ સેતુ

મહાત્મા મંદિર તણું, મોંઘેરું નિર્માણ,
છલકાવ્યું સરદાર સરોવર, પ્રત્યક્ષ પ્રમાણ.
વિશ્વે વિસ્તારી ગુર્જરીની તેં શાન,
ગુર્જરી ગાશે ગરવી ધરાનું ગૌરવ ગાન.

- દોલત ભટ્ટ

રૂડું ને રળિયામણું રે, હરિતને હરિયાળું રે,
પ્રેમ દિપના પર્વો ઉજવી, પાથરશું અજવાળું રે,
શબ્દ સૂરની સંગાઠે, જીવતરનો લૂંટીએ લ્હાવો રે,
સૂર્ય ચંદ્ર આંખોમાં આંજી પહેરે સપનું છોગાળું રે,
મારું ગુજરાત રઢિયાળું રે...

- ડો. કનૈયાલાલ ભટ્ટ

મહા ગુજરાત કાજ રણશિંગુ ફૂક્યું, ફકીર ઇન્દુલાલ જણ્યો જેણે રે,
ગાંડી રે ગાંડી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે...

- પ્રવિણ ગઢવી

સાહિત્ય સમાચાર સેતુ

- ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટ અને નવા વરાયેલા ઉપ પ્રમુખ ભરત કવિની ઉપસ્થિતિમાં કારોબારીની એક મહત્વપૂર્ણ મીટીંગનું ટૂંક સમયમાં આયોજન થયેલ છે.
- ગાંધીનગરના સર્જકો, ભાવકો અને વાંચકોની વિચારોનું પ્રતિબિંબ દર મંગળવારે 'શબ્દ સેતુ' દ્વારા ફરી એક વખત માણવા મળશે. તે માટે રસ ધરાવતા સૌએ પોતાના લેખ, કાવ્યો, લઘુકથાઓ વિગેરે ગાંધીનગર સમાચાર કાર્યાલયને મોકલવા વિનતી છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુરના સંયુકત ઉપક્રમે તા.૧ મે થી ૭ મે ૨૦૧૨ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ છે. જેમાં તા. ૨-૩ મે એ રવિન્દ્રનાથ ટાગોર વિશે પરિસંવાદ, તા. ૫ મે. ના રોજ 'અયલાયતન' નાટકની પ્રસ્તુતિ, તા.૬ મે એ રવિન્દ્ર સંગીત અને ફિલ્મ પ્રસ્તુતિ તા. ૭મી મે એ રવિન્દ્રનાથ ટાગોર વિશેના બે પુસ્તકોનું વિમોચન થશે.
- તા. ૩ મે ગુરૂવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી વત્સલ શાહ સ્વ રચિત વાર્તા કૃતિનું પઠન પાક્ષિક અંતર્ગત સાહિત્ય પરિષદ ખાતે કરશે.
- તા. ૪મે શુક્રવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી રાઝુલ આઝાદ, થોમસ ફ્રિડમેન અને માઈકલ મેન્ડેસ બોમ કૃત 'ધેટ યુઝડ ટુ બી અસ' પુસ્તકનો આસ્વાદ સાહિત્ય પરિષદ ખાતે કરાવશે.
- વિશ્વ કવિતા કેન્દ્ર ખાતે બુધવાર તા. ૪, ૧૧, ૧૮ સાંજે ૭.૦૦ કલાકે બુધ સભા તેમજ તા. ૨૬ના રોજ વ્યાખ્યાન યોજાયેલ છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને કલા અધ્યાપન મંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશન શ્રેણી અંતર્ગત નવોદિત સર્જકો જેનું પુસ્તક પ્રગટ થયું ન હોય તેને પૃષ્ટ મર્યાદામાં સર્જનાત્મક પુસ્તકની ટાઇપ કોપી તા. ૩૦-૬-૨૦૧૨ સુધીમાં મોકલવા સાહિત્ય પરિષદ તરફથી જણાવવામાં આવેલ છે.

૧ મે ૨૦૧૨ ગુજરાતી સ્થાપના દિન સંદર્ભે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા 'રાષ્ટ્રીય પુસ્તક મેળો' રિવરફ્રન્ટ ખાતે તા. ૧ થી ૭ મે સુધી યોજાયો છે. જેમાં તા. ૧- ૫-૨૦૧૨ના રોજ બાળકો માટે વાર્તા લેખન બુક રિવ્યુ, કેરી ડેયર, પોસ્ટ ડિઝાઇન, કાર્ટુન મેગેઝીન વાચક હોય તે જ નેતા બની શકે. તે વિષય પર પ્રવચન, વાર્તામાં અભિનય જેવા કાર્યક્રમો યોજીશે. તે ઉપરાંત 'ગુજરાતી ભાષા અને સાહિત્યની આજ' પર વ્યાખ્યાન અને ભાવકોના પ્રશ્નોની ઉત્તરો, ગુજરાતી કૃતિઓનું અન્ય ભાષામાં અને અન્ય ભાષાના પુસ્તકોનું ગુજરાતી ભાષાંતર, કન્નડના જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર ડો. ચંદ્રશેખર કંખાર સાથે 'સાહિત્યકાર ને મેળો' કાર્યક્રમ, ગુજરાતી સાહિત્યમાં મહિલાઓનું પ્રદાન, પર પરિસંવાદ. રાષ્ટ્રના જાણીતા યુવા લેખકો સાથે અંગ્રેજી - હિન્દીમાં ચર્ચા, ગુજરાતનું સાંપ્રત બાળ સાહિત્ય, વિશ્વ સાહિત્યની આજ વિગેરે વિષયો પર ચર્ચા અને પ્રવચનો યોજાયેલ છે. તેમજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાનાર છે. જેમાં તા. ૧ મે એ 'સર્જકને સલામ' કવિ સંમેલન. તા. ૨ મે એ ઉમાશંકર જોશી, કૃષ્ણલાલ શ્રીધરાણી, પન્નાલાલ પટેલ, પ્રહલાદ પારેખ અને રવિન્દ્રનાથ ટાગોરની શતાબ્દી વંદના હેઠળ તેમના સાહિત્ય અને જીવન પર ચર્ચાઓની છે. ટાગોરના 'ડાઘ ઘર' નાટકનું ૭ મેએ મંચન થશે. તા. ૩ મે 'શબ્દ સૂરની સાથે ' સુગમ સંગીત, તા. ૪ મે એ 'સર્જકને સલામ' કવિ સંમેલન, તા.૫ મે એ લોક સાહિત્ય અને સંગીત આધારીત કાર્યક્રમ તેમજ તા. ૬ મે 'અમર સદા અવિનાશી'ના ગીતોનું મંચન તા. ૭ મે એ જીવન અને હું અંતર્ગત હાસ્ય અને હું, કવિતા અને હું, ચિંતન અને હું, લોક સાહિત્ય અને હું, જેવા વિષયો પર જાણીતા સાહિત્યકારો તેમની પોતાની વાતો માંડશે. ગાંધીનગરની સાહિત્ય રસિક ભાવકોએ ઉપરોક્ત કાર્યક્રમમાં ભાગ લેવા જેવો છે.

"દસ કા દમ"

આવો, જાણીએ...
- ઘનશ્યામભાઈ એમ. ત્રિવેદી

દસનો આંકડો ખૂબ શુકનવંતો ગણાય છે. ૧ + ૦ = ૧ એનાં બંને આંકડાનો સરવાળો ૧ જ થાય છે. આંકડાશાસ્ત્રની રીતે પણ એક મહત્ત્વનો છે. બે આંકડાની રકમ ૧૦ થી જ શરૂ થાય છે. આ નાનકડા લેખમાં દસનું મહત્વ દર્શાવ્યું છે.

આપણાં ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વેદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધ વાક્યો ઇત્યાદિમાં અનેક રીતે વિવિધ અંક સંખ્યાઓ સંકળાયેલી છે. એની જાણકારી જ્ઞાનને સમૃધ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે. આ સંખ્યાઓ સાથે વણાયેલા સૂત્ર, બોધ વાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે, આમાં ઘણું ઉમેરણ થઇ શકે પણ અકારણ તથા વિસ્તાર ભયે કેટલુંક જતું કર્યું છે.

દશાવતાર :

વિષ્ણુ ભગવાનના દશ અવતાર - મત્સ્ય, કૂર્મ, વારાહ, નૃસિંહ, બલિ (વામન), પરશુરામ, રામ, કૃષ્ણ, બુધ્ધ અને (ભવિષ્યમાં) કલ્કી, અથવા રામ પછી બલરામ, કૃષ્ણ અને કલ્કી અથવા રામ પછી બલરામ, બુધ્ધ અને કલ્કી.

દશ દિશાઓ :

દશ દિગંમરો, દશ દિકપાલો, દશ દિગ્ગજો, દશ દિગ ગજેન્દ્રો, અધિપતિ દેવો સાથે : પૂર્વ (ઇન્દ્ર), પશ્ચિમ (વરુણ), ઉત્તર (કુબેર), દક્ષિણ (ધર્મ), ઇશાન (ઇશ), અગ્નિ (અગ્નિ), નૈઋત્વ, (નૈઋતી), વાયવ્ય (વાયુ), આકાશ (બ્રહ્મા) ને પાતાલ (અનંત).

દશ મહાવિદ્યા (દેવી)ઓ :

કાલિ, તારા, દુર્ગા, છિન્નમસ્તા, ત્રિપુર, ભૈરવી, મહામાયા, ધૂમાવતી, બંગલા, ત્રિપુર સુંદરી અને શ્રી વિદ્યા અથવા કાલિ, તારા, ત્રિપુરા સુંદરી, ભુવનેશ્વરી, ભૈરવી, ત્રિપુરા, ધુમાવતી, બંગલા, માતંગી અને કમલા.

અભ્યાસયોગ દશ વિષયો :

ઇતિહાસ, સાહિત્ય, કલા, નીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ધર્મ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજકારણ અને વનસ્પતિ શાસ્ત્ર.

દશ પ્રાણો :

પ્રાણ, અપાગ, સમાન, ઉદાન, ત્યાગ, નાગ, કૂર્મ, કુકલ, દેવદત્ત ને ધનંજય.

દશ ઇન્દ્રિયો :

કાન, ત્વચા, ચક્ષુ, જીભ, નાસિકા, વાણી, હાથ...

દશ અર્થો :

સર્ગ, નિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મન્વંતર, ઇશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય.

બ્રહ્માના દશ પુત્રો :

(લોક રચનામાં કારણભૂત ઉત્પન્ન થયેલ પુત્રો, મનુએ સર્જેલા પ્રથમ પ્રજાપતિ, મહર્ષિઓ, મરીચી, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ભૃગુ, વશિષ્ઠ, દક્ષ અને નારદ.

દશ ભોગો (વિલાસો) :

શય્યા, આસન, વસ્ત્ર, આભૂષણ, સ્નાન, વિલેપન, ભોજન, સ્ત્રી, સુગંધિત દ્રવ્ય અને સંપત્તિ.

શ્રીકૃષ્ણના દશ પ્રકારના મનુષ્યોમાં પ્રકટ દશ રસ રૂપ :

મલ્લોમાં રોદ્ર રસ રૂપ, પુરૂષોમાં અદ્‌ભૂત રસરૂપે, સ્ત્રીઓનાં શ્રૃંગાર રૂપે, ગોવાળિયાઓમાં હાસ્યરૂપે, દુષ્ટ રાજાઓમાં વીર રસ રૂપે, માતાપિતાઓમાં દયા રસ રૂપે, કંસમાં ભયાનક રસ રૂપે, અજ્ઞાનીઓમાં બીભત્સ રૂપે, યોગીઓમાં શાંત રસ રૂપે અને યાદવોમાં ભક્તિ રસ રૂપે શ્રી કૃષ્ણ પ્રકટ્યા હતા.

દશ નાડીઓ :

શરીરની જમણી બાજુ પગલા, ડાબી બાહુ ઇડા, મધ્યમાં સુષુક્ષા, જમણી આંખમાં હસ્તિબ્રહ્મા, ડાબી આંખમાં ગાન્ધારી, જમના કાનમાં પુષા, ડાબા કાનમાં યશસ્વિની, લિંગમાં કુહુ, ગુદામાં શંખિની અને મૂળમાં અલમ્બુષા.

દશ સંધ્યા ક્રિયાઓ (સંધ્યા સમયે બ્રાહ્મણે કરવાની) :

આસન શુધ્ધિ, માર્જન, આચમન, પ્રાણાયમ, અઘમર્ષણ (ભૂત શુધ્ધિ), અર્ઘ્યદાન, સૂર્યોપસ્થાન, ન્યાસ, ધ્યાન અને જપ.

આ દશ જાગતા રહે છે :

ધનવાન, ચિંતાતુર, ચોર, દીકરીનો બાપ, માથે વેર વાળો, દેવાળિયો, કુટિલ નારી, રોગી, યોગસાધક અને ચોકીદાર.

દશ લક્ષણક (ધર્મના દશ લક્ષણો) :

ધૃતિ, શ્રમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિય, નિગ્રહ, બુધ્ધિ, બ્રહ્મવિદ્યા, સત્ય અને અક્રોધ.

આ દશ સમાન કોઇ નથી :

વેદ સમાન શાસ્ત્ર, શાંતિ સમાન સુખ, સૂર્ય સમાન જયોત, વિદ્યા સમાન ધન, ગંગા સમાન તીર્થ, માતા સમાન ગુરુ, વિષ્ણુ સમાન દેવ, રામાયણ સમાન ગ્રંથષ સત્ય સમાન ધર્મ, અને અસત્ય સમાન પાપ.

આ દશ સાથે વિવાદ કરવો નહીં :

બ્રાહ્મણ, આચાર્ય, અતિથિ, બાળક, વૃધ્ધ, રોગી, વૈદ (ડૉકટર), માતાપિતા, કુળવધૂ અને દાસ.

દશ વ્યસનો :

શિકાર, જુગાર, દિવસે ઊંઘ, કુથલી, સ્ત્રીઓમાં આસક્તિ, મદ્યપાન, સંગીત, નાચ, ગાન અને વ્યર્થ રખડપાટ.

ગુણ વધવા-ઘટવાના દશ કારણો :

શાસ્ત્ર, પાણી, દેશ, કાળ, કર્મ, જન્મ, ધ્યાનમંત્ર, પ્રજા અને સંસ્કાર.

આ દશ મકાર ઘણાં જ ચંચળ છે :

મન, મધુકર (ભમરો), મેઘ, માનિની (સ્ત્રી), મદન, મરુત (પવન), મા (લક્ષ્મી), મદ-મર્કટ અને મત્સ્ય.

સમુદ્રનાં દશ નામો :

પાથોધિ, જલધ, પચોધિ, ઉદધિ, વારાનિધિ, વારિધિ, અંબુધિ, સલિલધિ, પાનીયધિ અને તોયધિ.

વૃધ્ધાવસ્થામાં દશ દુઃખો :

રોગ ગ્રસ્ત દેહ, પથારીવશ જીવન, પત્નીનું મૃત્યુ, પાગલ પુત્ર, વિધવા પુત્રી, કસમયે ભોજન, પુત્ર પાસે યાચના, અળખામણું જીવન, મિત્રોનો અભાવ અને સંતોનું દંધ્યકૃત્ય.

દશ નામ :

તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરિ, પર્વત, સાગર, સરસ્વતી, ભારતી અને પુરી. આ દશ સંન્યાસીનાં વર્ગ નામ.

દશ બલ :

દાન, શીલ, ક્ષમા, વીર્ય, ધ્યાન, પ્રજ્ઞા, બલ, ઉપાય, પ્રણિધિ અને જ્ઞાન બુધ્ધનાં એ દશ બલ.

- ઘનશ્યામભાઇ એમ. ત્રિવેદી

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧લી મે આફ્રિકા પ્રદેશના શોધક ડો. ડેવિડ લેવિંસ્ટનની પુણ્યતિથિ

૧૯મી સદીના પૂર્વાર્ધ સુધી અંધારામાં રહેલાં આફ્રિકા પ્રદેશને પ્રકાશમાં લાવવાનું મહત્વનું કાર્ય કરનાર ડો. ડેવિડ લેવિંસ્ટનની આજે પુણ્યતિથિ : ૧-૫-૧૮૭૩. આ ફ્રિકાની ગુલામીગીરીની કુપ્રથા દૂર કરાવવામાં તેણે જીવનભર પ્રયત્નો કર્યા. આફ્રિકા પ્રદેશની નવી-નવી માહિતી વિશ્વ સમક્ષ મુકવામાં જીવન પસાર કર્યું.

- તા. ૧ લી મે ૧૯૬૦ દ્વિભાષી મુંબઇ રાજયના ભાગલાથી ગુજરાત રાજયનો જન્મદિન - સ્થાપના દિન. જીવરાજ મહેતાની પ્રથમ મુખ્યમંત્રી તરીકે વરણી.
- તા. ૧-૫-૧૯૬૦ રાજયમાં વડોદરા જિલ્લાની સ્થાપનાય થઇ.
- ૧-૫-૧૯૩૧ માં દુનિયાની સૌથી ઊંચી ઇમારત એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ન્યૂયોર્કમાં ખુલ્લી મુકાઇ.
- ૧૮૯૭ માં સ્વામી વિવેકાનંદજીએ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી.